પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૫ | ૧૬ માર્ચ, ૨૦૨૦, સોમવાર; ફાગણ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રાજ્યમાં બે સપ્તાહ શાળા-કોલેજો, મોલ-થિયેટર બંધ

## ૧૬ માર્ચથી ૨૯ માર્ચ સુધી શાળા-કોલેજો બંધ : બોર્ડની પરીક્ષા ચાલુ રહેશે, જાહેરમાં થૂંકનારને ૫૦૦ રૂપિયા દંડ ફટકારાશે

ગાંધીનગર,તા.૧૫ વધતાં જતાં કોરોના વાયરસના કિસ્સાઓને પગલે ગુજરાત સરકારે મોટો નિર્ણય કર્યો છે. આજે આરોગ્ય કમિશનર જયંતિ રવિએ પ્રેસ કોન્ફરન્સને સંબોધન કર્યું હતું. જેમાં તેઓએ કહ્યું કે, ૨૯ માર્ચ સુધી શાળા અને કોલેજ બંધ રાખવા આદેશ કરવામાં આવ્યો છે. જો કે બોર્ડની પરીક્ષા રાબેતા મુજબ ચાલુ રહેશે. એટલું જ નહીં મોલ અને મલ્ટીપ્લેક્સ અને સ્વિમિંગ પુલ પણ બે અઠવાડિયા સુધી બંધ રાખવા આદેશ કરવામાં આવ્યો છે. એટલું જ નહીં, સરકારે જાહેરમાં થૂંકવા ઉપર પણ પ્રતિબંધ લગાવ્યો છે. જાહેરમાં થૂંકનારને ૫૦૦ રૂપિયાનો દંડ કરવામાં



આવશે. ગુજરાતના આરોગ્ય કમિશનર અને મુખ્ય સચિવ અનિલ મુકમે આજે પ્રેસ કોન્ફરન્સને સંબોધન કર્યું હતું. જેમાં તેઓએ જણાવ્યું કે, ગુજરાતમાં સોમવાર એટલે કે તારીખ ૧૬ માર્ચથી ૨૯ માર્ચ સુધી તમામ શાળા અને કોલેજો બંધ રાખવાનો આદેશ કરાયો છે. સાથે જ તેઓએ કહ્યું કે, મોલ-મલ્ટીપ્લેક્સ અને સ્વિમિંગ પુલ પણ બે અઠવાડિયા સુધી બંધ રાખવા માટે આદેશ કરાયો છે. ધાર્મિક સંસ્થાઓને પણ લોકોને ભેગાં થાય તેવાં કાર્યક્રમો ન કરવા માટે અપલી કરવામાં આવી છે. આંગણવાડી પણ બે અઠવાડિયા સુધી બંધ રાખવાનો આદેશ કરવામાં આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# દેશમાં ૧૦૭ કોરોનાના કેસ મહારાષ્ટ્રમાં સૌથી વધુ કેસ

## એકલા મહારાષ્ટ્રમાં કેસોની સંખ્યા ૩૨ : દેશમાં ભારે ચિંતા વચ્ચે સાવચેતીના વધુ પગલા લેવાયા : અસરગ્રસ્ત દર્દીઓ નિરીક્ષણ હેઠળ : તંત્ર વિરૂદ્ધ પડકારો

નવીદિલ્હી, તા. ૧૫ સમગ્ર દુનિયામાં કોરોના વાયરસનો આતંક જારી છે ત્યારે ભારતમાં પણ કોરોના વાયરસના પોઝિટિવ કેસોની સંખ્યામાં ચિંતાજનકરીતે ઝડપી વધારો થઈ રહ્યો છે. આજે ભારતમાં વધુ ૧૪ કેસો પોઝિટિવ આવતા કેસોની સંખ્યા વધીને ૧૦૭ ઉપર પહોંચી ચુકી છે. કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર મંત્રાલય દ્વારા આજે કોરોના વાયરસના સત્તાવાર આંકડા જારી કરવામાં આવ્યા હતા. કોરોના વાયરસનો શિકાર થયેલા લોકોમાં વિદેશી નાગરિકો પણ સામેલ છે. ઉત્તરપ્રદેશ, કર્ણાટક અને હરિયાણા જેવા રાજ્યોમાં ખતરનાક વાયરસના પેલાવવાને રોકવા સ્કુલ અને કોલેજોને આજે બંધ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. કોરોના વાયરસના

કેસો વધી રહ્યા છે ત્યારે કેન્દ્ર સરકાર અને જુદા જુદા રાજ્યોમાં પણ વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. ગયા વર્ષે ડિસેમ્બર મહિનામાં ચીનના વુહાન શહેરથી કોરોના વાયરસની શરૂઆત થયા બાદથી ભારત સહિત દુનિયાના ૧૫૫ દેશોના કોરોના વાયરસે હાહાકાર મચાવી દીધો છે. અસરગ્રસ્તોની સંખ્યા રેકોર્ડ સપાટી ઉપર પહોંચી છે. ભારતમાં પણ આંકડો વધી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં અનેક નવા કેસો નોંધાતા તંત્ર ચિંતાતુર છે. છેલ્લા અપટેડ બાદથી ૨૩ નવા પોઝિટિવ કેસ નોંધાઈ ચુક્યા છે. મહારાષ્ટ્રમાં નવા ૧૭, તેલંગાણામાં બે, રાજસ્થાનમાં એક, કેરળમાં ત્રણ કેસો સપાટી ઉપર આવ્યા છે. આની સાથે જ કેસોની સંખ્યા ૧૦૭ ઉપર પહોંચી છે.

## કોરોના... અપડેટ

### ઇટાલીમાં મોતનો આંકડો વધીને ૧૪૪૧ થયો

| દેશ | કુલ કેસ | નવા કેસ | મોતનો આંકડો |
|---|---|---|---|
| ચીન | ૮૦૮૪૯ | ૨૫ | ૩૧૯૯ |
| ઈટાલી | ૨૧૧૫૭ | ૨૫૪૭ | ૧૨૬૬ |
| ઈરાન | ૧૨૭૨૯ | - | ૬૧૧ |
| દક્ષિણ કોરિયા | ૮૧૬૨ | ૭૬ | ૭૫ |
| સ્પેન | ૬૩૯૧ | - | ૧૯૬ |
| જર્મની | ૪૬૪૯ | ૫૦ | ૦૯ |
| ફ્રાંસ | ૪૪૯૯ | ૩૦ | ૯૧ |
| અમેરિકા | ૩૦૪૫ | ૧૦૨ | ૬૦ |
| સ્વિસ | ૧૩૭૫ | - | ૧૩ |
| યુકે | ૧૧૪૦ | - | ૨૧ |
| નોર્વે | ૧૧૨૬ | ૧૭ | ૦૩ |
| જાપાન | ૮૨૫ | ૨૧ | ૨૨ |
| ઓસ્ટ્રિયા | ૮૦૦ | ૧૪૫ | ૦૧ |
| ઓસ્ટ્રેલિયા | ૨૮૯ | ૩૫ | ૦૪ |
| મલેશિયા | ૨૪૯ | ૧૧ | - |
| ફિનલેન્ડ | ૨૪૦ | ૧૫ | - |
| બહેરિન | ૨૧૦ | ૧૩ | ૧૦ |
| હોંગકોંગ | ૧૩૦ | - | ૦૩ |
| કુલ | ૧,૫૯,૪૭૯ | | ૬,૦૬૮ |

# વિશ્વમાં કોરોનાથી મોતનો આંક હવે ૬૦૬૮ પર પહોંચ્યો

## મોતનો આંકડો સત્તાવાર રીતે ૫૮૪૫ થયો : દુનિયાના ૧૫૫ દેશો જીવલેણ સાબિત થઇ રહેલા કોરોના વાયરસના મજબુત સકંજામાં : હજુય હજારો લોકો ગંભીર

બેઝિંગ,તા. ૧૫ કોરોના વાયરસનો હાહાકાર જારી રહ્યો છે. ચીનમાં સ્થિતીમાં સુધારો થઈ રહ્યો છે પરંતુ ચીનની બહાર જુદા જુદા દેશોમાં કોરોનાનો આતંક જારી છે. વધુને વધુ લોકોના મોત થઈ રહ્યા છે. કોરોનાને રોકવા માટે ભારત સહિતના દુનિયાના તમામ દેશો દ્વારા તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં મોતનો આંકડો અને કેસોનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. વિશ્વના ૧૫૫ દેશો હવે કોરોના વાયરસના સકંજામાં આવી ચુક્યા છે. મોતનો આંકડો વધીને ૫૮૪૫ સુધી પહોંચી ગયો છે. આવી જ રીતે કુલ કેસોની સંખ્યા ૧૫૭૩૯૩ સુધી પહોંચી ગઈ છે. ચીનમાં સ્થિતીમાં સુધારો થયો છે. ચીનમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૫ નવા કેસો નોંધાયા છે અને ૧૦ લોકોના મોત થયા છે. યુરોપ અને અન્ય દેશોમાં કેસોની સંખ્યા વધારે ઝડપથી વધી રહી છે. દુનિયાના દેશોમાં હાલમાં હાહાકાર મચાવી રહેલા કોરોના વાયરસને કાબુમાં લેવા માટે યુદ્ધના ધોરણે તમામ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં તેના પર કાબુ મેળવી લેવામાં હજુ સુધી સફળતા મળી રહી નથી. માત્ર ચીનમાં જ નહીં બલ્કે દુનિયાના અન્ય દેશો પણ કોરોના વાયરસના કારણે પરેશાન છે. જેમાં ભારત પણ સામેલ છે. અલબત્ત નવા કેસોની સંખ્યા ઘટી છે પરંતુ હજુ કેસો દરરોજ હજારો નોંધાઇ રહ્યા છે. જાપાનમાં પણ કોરોના વાયરસના કારણે ભારે દહેશત છે. તંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. હોંગકોગ, દક્ષિણ કોરિયા, થાઈલેન્ડ, અમેરિકા, તાઈવાન, મલેશિયા અને જર્મની સહિતના દેશો વાયરસના સકંજામાં આવી ગયા છે. કેસોની સંખ્યા ચિંતાજનક રીતે વધી રહી છે.

# આજે મધ્યપ્રદેશમાં ફેંસલો કમલનાથ વિશ્વાસ મત લેશે

## રાજ્યપાલ લાલજી ટંડને વિશ્વાસમત લેવાનો આદેશ કરતા અટકળોનો દોર : ધારાસભ્યોના વલણ પર તમામની નજર : કમલનાથ સરકાર બચશે કે કેમ તેને લઇને ચર્ચા

નવી દિલ્હી, તા. ૧૫ મધ્યપ્રદેશના રાજકારણમાં જોરદાર



રાજકીય ગરમી પ્રવર્તી રહી છે. મુખ્યમંત્રી કમલનાથને ફ્લોર ટેસ્ટ કરવા માટેનો આદેશ કરી દેવામાં આવ્યો છે. મુખ્યમંત્રી કમલનાથની આવતીકાલે કસોટી થનાર છે. મધ્યપ્રદેશમાં કઠોર નિયંત્રણો લાગૂ કરી દેવામાં આવ્યા છે. ગૃહમાં ઉપસ્થિત રહેવા માટે તમામ સભ્યોને સૂચના આપી દેવામાં આવી છે. મધ્યપ્રદેશમાં જોરદાર રાજકીય કટોકટી વચ્ચે આવતીકાલે મુખ્યમંત્રી કમલનાથ વિશ્વાસમત મેળવનાર છે.


રાજ્યપાલ દ્વારા સૂચના આપી દેવામાં આવી છે. રાજ્યપાલ તરફથી પત્ર આ સંદર્ભમાં અડધી રાત્રે જ મુખ્યમંત્રીને મોકલી દેવામાં આવ્યો હતો. પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, બંધારણની કલમ ૧૭૪ અને ૧૭૫(૨) હેઠળ મધ્યપ્રદેશ વિધાનસભાનું સત્ર બોલાવવા તેઓ સૂચના જારી કરી રહ્યા છે. આવતીકાલે ૧૬મી માર્ચે સવારે ૧૧ વાગે તેમના સંબોધન સાથે સત્રની શરૂઆત થશે.

# ઈમરજન્સી ફંડ માટે એક કરોડ ડોલર આપવા મોદીની તૈયારી

## સાર્ક નેતાઓ સાથે મોદીએ વાતચીત કરી : વિડિયો કોન્ફરન્સિંગ મારફતે જુદા જુદા પાસા ઉપર ઉંડી ચર્ચા ઇમરજન્સી ફંડ બનાવવા મોદી દ્વારા કરાયેલું સૂચન

નવી દિલ્હી, તા. ૧૫ કોરોના વાયરસનો સામનો કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પહેલ ઉપર આજે સાંજે સાઉથ એશિયન એસોસિએશન ફોર રિઝનલ કો-ઓપરેશન દેશોના પ્રમુખ વિડિયો કોન્ફરન્સિંગ મારફતે એકબીજાની સામે આવ્યા હતા. આ ગાળા દરમિયાન વડાપ્રધાન મોદીએ કોરોના વાયરસ-૧૯ ઈમરજન્સી ફંડ બનાવવાનું સૂચન કર્યું હતું. સાથે સાથે ભારત તરફથી આના માટે એક કરોડ ડોલર આપવાની જાહેરાત કરવામાં આવી હતી. ભારત દ્વારા લેવામાં આવેલા પગલાઓની માહિતી પણ આપવામાં આવી હતી. સાર્ક નેતાઓએ મોદીની આ પહેલ માટે આભાર માન્યો હતો. સાથે સાથે સરકારનો સાથે મળીને સામનો કરવાની તૈયારી દર્શાવી હતી. મોદીએ કહ્યું હતું કે, દુનિયાની ૨૦ ટકા વસ્તીવાળા સાર્ક દેશોમાં ઈન્ફેક્શનના મામલા ઓછા છે પરંતુ તમામ દેશો સાથે મળીને આગળ આવે તે જરૂરી છે. સાથે મળીને પડકારનો સામનો કરવાની જરૂર છે. મોદીએ કહ્યું હતું કે, કોરોના વાયરસને હાલમાં જ ડબલ્યુએચઓ દ્વારા ડિઝાસ્ટર તરીકે જાહેર કર્યો છે. સાર્ક દેશોમાં કેસોની સંખ્યા ઓછી છે. આશરે ૧૫૦ કેસો જ નોંધાયેલા છે. અમારા લોકોથી લોકો વચ્ચેના સંપર્ક ખુબ સારા છે. એકબીજા સાથે ઉંડાણથી જોડાયેલા છે. સાર્ક દેશોના પ્રતિનિધિઓને સંબોધતા

● અનુસંધાન પાન-૭ પર




# ફિલ્મ-ટીવી સિરિયલના શૂટિંગ અંતે બંધ કરાયા

નવીદિલ્હી, તા. ૧૫ કોરોના વાયરસની અસર તમામના કામો ઉપર જોવા મળી રહી છે. હવે ફિલ્મ અને ટીવી ઈન્ડસ્ટ્રીએ ૩૧મી માર્ચ સુધી શૂટિંગને બંધ કરવાનો નિર્ણય કર્યો છે. ઈન્ડિયન મોશન પિક્ચર્સ પ્રોડ્યુસર્સ એસોસિએશન દ્વારા આજે યોજાયેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. હાલના સમયમાં દેશ અને વિદેશોમાં ફિલ્મોના શૂટિંગ ચાલી રહ્યા છે. આજે રવિવારના દિવસે મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો હતો. દુનિયા, સમાજ, ફિલ્મ ઈન્ડસ્ટ્રી અને વર્કરોના હિતમાં આ નિર્ણય લેવામાં આવ્યા છે. ૩૧મી માર્ચ સુધી ફિલ્મો, ટીવી, વેબસિરિઝ અને અન્ય પ્રકારના શૂટિંગ સમગ્ર ભારતમાં બંધ રાખવામાં આવ્યા છે.










PUNJAB HYUNDAI ✆ 78200 03300

Plot No. 1004/A. Sectar 28, GIDC, Opp, DSP Office, GANDHINAGAR | 2/5 Umiya Tirth Ville, Nr. Gayatri Mandir, Mehsana Highway, KALOL | Nr. Atithi Hotel. Opp. Ashirwad Hospital DEHGAM